પરિપત્ર:-

વિષય: UDAYAM COGENT વેબસાઈટ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવા બાબત.
સંદર્ભ: ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર જા.નં.યુનિ/FRC/૨૦૨૨/૯૨૪, તા.૨૭/૧૨/૨૦૨૨.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્વનિર્ભર બી.એડ્./એમ.એડ્. કોલેજોનાં આચાર્યશ્રીઓને ઉપરોક્ત સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, શિક્ષણ વિભાગની માન.અગ્રસચિવશ્રીની અધ્યક્ષતામાં બનેલ સમિતિ અન્વયે રાજ્યની તમામ બી.એડ્./એમ.એડ્. સ્વનિર્ભર કોલેજોની ફી નિર્ધારણ કરવામાં આવે છે.

ઉક્ત બાબતે કેટલીક બી.એડ્./એમ.એડ્. કોલેજો દ્વારા ફી નિર્ધારણ માટે આજદિન સુધી ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીની UDAYAM COGENT વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવામાં આવેલ નથી. તેથી અત્રેની યુનિવર્સિટી સંલગ્ન જે બી.એડ્./એમ.એડ્. કોલેજોનું UDAYAM COGENT વેબસાઈટ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું બાકી હોય તેમણે તાત્કાલિક રજીસ્ટ્રેશન કરવા જણાવવામાં આવે છે.

કા.કુલસચિવ

બિડાણ:- સંદર્ભદર્શિત પત્રની નકલ.

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડમિક/૨૯૬૯/૨૦૨૨
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૨૮/૧૨/૨૦૨૨

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્વનિર્ભર બી.એડ્./એમ.એડ્. કોલેજોનાં આચાર્યશ્રીઓ તરફ...

નકલ સાદર રવાના:-
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવ.

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,

યુનિવર્સિટી શાખા, બ્લોક નં-૧૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,

ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.

आज़ादी का अमृत महोत्सव

જા.નંબર: યુનિ/FRC/૨૦૨૨/ ૯૨૪ તા. ૨૭/૧૨/૨૦૨૨

પ્રતિ,
રજીસ્ટ્રારશ્રી,
તમામ સરકારી યુનિવર્સિટી

વિષય : UDAYAM COGENT વેબસાઈટમાં ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવા બાબત.

સંદર્ભ : ૧) શિક્ષણ વિભાગનો તા – ૨૩-૦૨-૨૦૧૧ના જા.નં NCT/2010/3/KH-1

૨) શિક્ષણ વિભાગનો તા – ૦૯-૦૩-૨૦૧૧ના જા.નં NCT/2010/3/KH-1

શ્રીમાન,

ઉક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે શિક્ષણ વિભાગની માન.અગ્રસચિવશ્રીની અધ્યક્ષતામાં બનેલ સમિતિ અન્વયે રાજ્યની તમામ બી.એડ, એમ.એડ, બી.પી.એડ, એમ.પી.એડ જેવી સ્વનિર્ભર કોલેજોની ફી નિર્ધારણ કરવામાં આવે છે.

રાજ્યની તમામ બી.એડ, એમ.એડ, બી.પી.એડ, એમ.પી.એડ કોલેજોએ ફરજિયાત પોતાની સંસ્થાઓના FRC ના ઓર્ડર મેળવી લેવાના રહે છે તથા FRC દ્વારા નક્કી કરવામાં આવેલ ફી વિદ્યાર્થીઓ પાસેથી લઇ શકાય છે. આમ રાજયની તમામ બી.એડ, એમ.એડ, બી.પી.એડ, એમ.પી.એડ કોલેજોને FRCનો ઓર્ડર મેળવી લેવાનુ સુનિશ્ચિત કરવુ જરૂરી છે.

પરંતુ અત્રેની કચેરીનાં ધ્યાને આવેલ છે કે રાજ્યની કેટલીક કોલેજો દ્વારા ફી નિર્ધારણ માટે આજદિન સુધી ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીની UDAYAM COGENT વેબસાઈટ પર ઑનલાઇન અરજી કરવામાં આવેલ નથી. આમ રાજ્યની તમામ બી.એડ, એમ.એડ, બી.પી.એડ, એમ.પી.એડ જેવી સ્વનિર્ભર સંસ્થાઓનું FRC પોર્ટલ પર રજીસ્ટ્રેશન થાય તે માટે આપની યુનીવર્સીટી સંલગ્ન ઉક્ત તમામ સ્વનિર્ભર સંસ્થાઓ વેરીફાઈ કરી જે તે સંસ્થાઓને આપની કક્ષાએથી તાત્કાલિક રજીસ્ટ્રેશન માટેની સુચના આપવા વિનંતી છે. વધુમાં આવી સંસ્થાઓની યાદી અત્રેની કચેરીના FRC શાખામાં હાથોહાથ મળી રહે તે મુજબ મોકલી આપવા જણાવવામાં આવે છે.

નોંધ પર મળેલ માન કમિશ્નરશ્રીની મંજુરી અન્વયે..

સયુંક્ત કમિશ્નર
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી
ગાંધીનગર

Scanned with OKEN Scanner